જો દોસ્ત! તળેટીનું જીવન કેવું ફળે છે,
એ સઘળાં શિખર જાણે અહીં પગની તળે છે.

ડર શું છે? નથી ચાલતી હિંમત તને માગું,
એ પણ છે ખરું જે કંઈ માગું છું મળે છે.

મન ક્યાંય જવાનું જ નથી થાતું કદાપિ,
ન જાણે કયા ભવનો હજુ થાક કળે છે.

ઉપર ઉપરથી સ્વસ્થ સતત હોઈએ છતાં,
એ તો તું શોધ કોણ ભીતર છે જે ચળે છે.

ઊગ્યો નથી ભલેને સૂરજ મ્હારો કદી પણ,
હર સાંજના લાગ્યું છે સૂરજ મ્હારો ઢળે છે.

પર્યાય એના નામનો પ્રત્યેક નામ છે,
પ્રત્યેક રસ્તા જાણે કે એ બાજુ વળે છે.

◆

સપનું સરસ બતાવી દીધું
રણ વચ્ચે વન લાવી દીધું.

શરીરથી મન છૂટ્ટું પાડી,
ત્હેં જબરું ઝઘડાવી દીધું.

ખાલી ખાલી વાત કરીને,
ખાલી ઘર છલકાવી દીધું.

પછી ઝાડ પંખીનું ઊગ્યું,
આંગણમાં મન વાવી દીધું.

હસી પડી દુઃખ રમવા લાગ્યું,
સુખ શું છે? સમજાવી દીધું.

નજર પડે ત્યાં ફૂલ ખીલે છે,
ભીતર શું મ્હેંકાવી દીધું!

◆

ગણતરી બ્હાર જીવ્યો છું, ગજાની બ્હાર જીવ્યો છું,
સમય-સંજોગના ઝીલી બધા પડકાર જીવ્યો છું.

સતત તરસ્યો છું સાચું છે, સતત વરસ્યો છું સાચું છે,
સતત એકેક ટીપામાં હું મુશળધાર જીવ્યો છું.

જીવન કરતાં મરણ બહેતર, મરણ કરતાં જીવન બદતર,
ગળે ના ઊતરે એવું ઘણીયે વાર જીવ્યો છું.

રહ્યો છું બેઉ બાજુ એકસરખો હુંય વ્હેંચાઈ,
બરોબર એકસરખું હુંય અંદર-બ્હાર જીવ્યો છું.

ફક્ત એ કારણે આ જિંદગી સૂની ઘણી લાગી,
નથી ભજવી શક્યો એ પાત્ર વારંવાર જીવ્યો છું.

◆

સાવ રણ વચ્ચેય દેરું નીકળે,
કાળજે એનું પગેરું નીકળે.

યાદ ના આવે ને ઓળખવા મથું,
સુખ બધાં બચપણના ભેરુ નીકળે.

ચોતરફ રંગો જ રંગો જોઉં છું,
કોણ આ ઘૂંટાઈ ઘેરું નીકળે!

એક ખૂણો સાવ સૂનો યાદનો,
હાથ ત્યાં નાખું ને એરું નીકળે.

દોડતું દિવસે ઉતાવળિયું નગર.
રાતના પાછું એ બહેરું નીકળે.

ક્યાંક આઘે જે અચળ ઝળહળ ઊભું,
એ જ આ ભીતરનો મેરુ નીકળે.

◆

સાચે જ દોસ્તો ઘણા દરિયાવ નીકળ્યા,
રણની વચાળે જળનો લઈ દેખાવ નીકળ્યા.

અજવાળું શોધવા ગયા એ પુસ્તકો મહીં,
આકાશ પામવાને લઈ નાવ નીકળ્યા.

આ કેટલામી હાર પછીથી ખબર પડી,
અહીં જીતવાના સાવ અલગ દાવ નીકળ્યા.

મન માનતું રહ્યું કે સદાથી અભિન્ન છે,
આ દેહ અને પ્રાણ જુદા સાવ નીકળ્યા.

પથરાળ લાગતા હતા જે આદમી અહીં,
પાસે ગયા તો પ્રેમમાં ગરકાવ નીકળ્યા.

રુઝાઈ જો ગયા તો થયું એકલો પડ્યો,
મિસ્કીન કાળજાના અજબ ઘાવ નીકળ્યા.

◆

હળવા થઈ ઉજવાય એવો અવસર તો આપો,
લઈ લીધું છે એ પાછું પળભર તો આપો.

પથ્થરમાંથી પાણી કાઢી દેખાડીશું,
વાત એટલી છે, અમને પથ્થર તો આપો.

નથી જાણતા એના વિશે કશું ન કહેતા,
જે જાણો છો એનો કૈં ઉત્તર તો આપો.

હકનું માગી હકનું ખઈએ એય રહ્યું ક્યાં?
ઊતરડી લીધું એનું વળતર તો આપો.

મહેલનાં સપનાંઓ ના દેખાડો કાયમ,
છીનવી લીધું છે એ પાછું ઘર તો આપો.

◆

શબ્દ પણ તું જ છે, સૂર પણ તું જ છે,
મૌનમાં ધબકતું નૂર પણ તું જ છે.

તું જ લે છે સતત કાળજી તે છતાં,
ક્રૂર પણ તું જ, નિષ્ઠુર પણ તું જ છે.

તું જ તરસે અને તું જ વરસે પછી,
બેઉમાં જોઉં આતુર પણ તું જ છે.

કોઈ બંધન નહીં કાળ કે સ્થળ વિશે,
ખૂબ પાસે અને દૂર પણ તું જ છે.

ના, ટકોરાય દે બંધ દ્વારે કદી,
તેજનું પૂર મજબૂર પણ તું જ છે.

ઉકલે તું પછી ઉકલે છે બધું,
ભીતરે ભરમ ભરપૂર પણ તું જ છે.

હા ઝઘડતો રહે રોજ મિસ્કીન પણ,
જગતમાં એક મંજૂર પણ તું જ છે.

◆

કદી ઓચિંતું લાગે ક્યાંક બંસી દૂર વાગે છે,
પછી આ દેહ-મન-હોવું બધું મજબૂર લાગે છે.

બધુંયે  ડોલતું લાગે જગત મન ખોલતું લાગે,
હૃદય આ યાદમાં કૈં એ હદે ચકચૂર લાગે છે.

ભલા કેવી નદીના બેઉ કાંઠે મન વસેલું છે,
સદા જળનું કે મૃગજળનું વિનાશક પૂર લાગે છે.

બધા આકાર ઓગાળીને જોતાં શીખ મન મ્હારા,
ધબકતું-મ્હેકતું-ગાતું એ એક જ નૂર લાગે છે.

પછીથી કોઈ તકલીફ કોઈ દુઃખ-આઘાત શું લાગે?
તને મંજૂર જે કંઈ, દિલને એ મંજૂર લાગે છે.

◆

કેવા કેવા સંદેશાઓ લાવતો કાસદ હવે,
કહેતાં કહેતાં કેટલો થઈ જાય છે ગદ્ગદ્ હવે.*

ચોતરફ - આઠે પ્રહર, આ ઝૂરવું થઈ બ્હાવરા,
ક્યાંકથી તો ઓ હૃદય તું બાંધ થોડી હદ હવે.

યાદ નિરાંતે કરું એકેક જણ, એકેક પળ,
એય સાચું શ્વાસ લેવાની નથી ફુરસદ હવે.

મ્હેં કીધું ફિક્કું હસી પૂરી થઈ આ જિંદગી,
એ સહજ શરમાઈ બોલી, થઈ શરૂ શાયદ હવે.

જે ગયો છોડી બધું, એને શુકન શું અપશુકન?
ડાઘુઓ ચર્ચા બધી છોડો, શું સુદ કે વદ હવે?

ઘરમાં - આંગણમાં ને ખેતરમાં તો વંડીઓ કરી,
આભ ક્યાંથી વ્હેંચશું? મૂંઝાય છે હુંપદ હવે.

◆

---

** કવિ હેમેન શાહને અર્પણ. તેની ગઝલનો જ પ્રથમ શેર અહીં મત્લા માટે પ્રેરણારૂપ બન્યો છે. જોકે વાત એક જ હોવા છતાં ભાવસ્થિતિ જુદી છે.*

વાત આ મૂંઝવણ પમાડે છે,
કોણ કોને સતત રમાડે છે?

બેઉ છેડે જ સુખ અને દુઃખ છે,
કોક વચ્ચેથી બૂમ પાડે છે.

આપણે આપણું ના સંભાળ્યું,
પારકું એટલે વિતાડે છે.

એય જાણે છે બધું ખોટું છે,
તોય ખોટું સદા લગાડે છે.

કોણ સૂતું જ રહે છે ભીતર?
કોણ એને સતત જગાડે છે?

બેઉને એકસરખો રસ મિસ્કીન,
કોઈ ઢાંકે છે કોઈ ઉઘાડે છે.

◆

કોઈ કારણ વિના આળ આ શ્વાસને,
રોજ દેતો રહું ગાળ આ શ્વાસને.

છેક બાળોતિયાના બળેલા રહ્યા,
શું દઝાડી શકે ઝાળ? આ શ્વાસને.

જિંદગીથી સદા એમ છેટું રહ્યું,
મોત લાગ્યું રમતિયાળ આ શ્વાસને.

દોસ્ત! કેવી હવા આ નગરમાં હવે?
લાગતી ચોતરફ જાળ આ શ્વાસને.

બહાર-ભીતર નજર ખૂબ ઊંડે કરી,
કોઈની ના મળી ભાળ આ શ્વાસને.

એટલે આભને આંબતા થઈ ગયા,
શીખવી ત્હેં હરણફાળ આ શ્વાસને.

ન કોઈ વાટ કે કેડી અલગ સફર જાણે,
બધું જ પારકું આ દેહ-ઘર-નગર જાણે.

ધબકતું કોણ? લાગતું સહજ સભર જાણે,
બધેબધું જ બેહિસાબ તરબતર જાણે.

ખર્યા કરે છે સતત સઘળું બહાર ને ભીતર,
કોઈની યાદની મોસમ છે પાનખર જાણો.

કશુંક ખૂટતું લાગે છે આંખને સઘળે,
ને એની શોધમાં ફરવાનું ઉમ્રભર જાણે.

સદાય હળવાનું-મળવાનું એક અંતરથી,
બધાય લાગતા શકમંદ પરસ્પર જાણે.

કદી ન ચૂંટી શક્યો ફૂલ એ જ કારણથી,
સદાય લાગ્યા ઊઘડતા કોઈ અધર જાણે.

બધું જ ચાલે છે દુનિયામાં બધાના વિના,
ફક્ત આ વાતથી કહેનાર બેખબર જાણે.

પૂછે છે એમ સહજ વાત હૃદયની મિસ્કીન,
મળે છે એને બધી હોય છે ખબર જાણે.

◆

અછડતા એના ઇશારે ન ક્યાંયનો રાખ્યો,
આ ઝાંખીપાંખી સવારે ન ક્યાંયનો રાખ્યો.

વધી શકાય ના આગળ, વળાય ના પાછા,
સફરના છેલ્લા ઉતારે ન ક્યાંયનો રાખ્યો.

બધું જ પારકું લાગે શું દેહ કે દરિયો?
મૂકીને એણે કિનારે ન ક્યાંયનો રાખ્યો.

નકારતો જ ગયો મ્હારા તપતા સૂરજને,
ગ્રહ-નક્ષત્ર-સિતારે ન ક્યાંયનો રાખ્યો.

ભલા ન પૂછ કેમ અવળો દોરવાયો છું?
વિચાર્યું એ જ વિચારે ન ક્યાંયનો રાખ્યો.

ભરી શકું ન એક ડગલું કેવી પરવશતા?
સતત આ એના સહારે ન ક્યાંયનો રાખ્યો.

પછીથી સાવ અંધકારમય જગત લાગ્યું,
ઉછીના કોઈ ઝગારે ન ક્યાંયનો રાખ્યો.

હૃદયના હાલ હૃદયવાળા સમજશે મિસ્કીન,
મળીને ભૂલી જનારે ન ક્યાંયનો રાખ્યો.

◆

બળું-બળું ઘર બાળી જોયું,
પછી બધું સંભાળી જોયું.

મન બીબામાં ઢાળી જોયું,
અમેય ખૂબ ઉકાળી જોયું.

બાહર-ભીતર સઘળે વાગ્યું,
તીર છૂટેલું વાળી જોયું.

હતી નજરબંધીની વાતો,
નજર કરી જ્યાં ન્યાળી જોયું.

મન કે માળા બધુંય અંતે,
હતું ટેવવશ ટાળી જોયું.

આંખોના કાંઠે બેસીને,
આખ્ખું જીવન ગાળી જોયું.

રેત સમયની ઉપર તળે થઈ,
જીવતર આખ્ખું ચાળી જોયું.

આભ જેવડું પંખી મિસ્કીન,
અમે કાળજે પાળી જોયું.

◆

લાગણીને નામ ઊહાપોહ કાયમ,
તક મળે ત્યારે કરે સૌ દ્રોહ કાયમ.

આ સળગતો ક્રોધ, આંસુ કે ઉદાસી,
મૂળમાં સરખો નડ્યો છે મોહ કાયમ.

ખૂબ કચડાયું-દબાયું ખૂબ દાઝ્યું,
એ જ મન કરતું રહ્યું વિદ્રોહ કાયમ.

એમણે નાખી નજર ને ઓગળ્યું છે,
કોણ કહે છે લોહ રહેતું લોહ કાયમ?

સૂર હો કે શબ્દ હો કે શ્વાસ મિસ્કીન,
ના નથી આરોહ કે અવરોહ કાયમ.

◆